RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 4, Dt.15-03-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ચૂંટણીનું કાલે વિધિવત બ્યુગલ ફૂંકાશે

## કેન્દ્રીય ચૂંટણી પંચ કાલે બપોરે ત્રણ વાગ્યે પત્રકાર પરિષદમાં કરશે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત,તુરંત આચારસંહિતા બનશે અમલી : ૬-૭ તબક્કામાં મતદાન થવાની સંભાવના, ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણી અને અનેક સ્થાનો પર પેટા ચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય ચૂંટણી પંચે સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પરથી પોસ્ટ કરીને કહ્યું હતું કે, પચૂંટણી પંચ દ્વારા આવતીકાલે બપોરે ૩ વાગે લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. ચૂંટણી પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું લાઈવ સ્ટ્રીમિંગ થશે.



ચૂંટણી પંચના કાર્યક્રમમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને કેટલાંક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ ક્યારે યોજાશે, કેટલા તબક્કામાં થશે અને તેના માટે શું વ્યવસ્થા કરવામાં આવશે. ચૂંટણીની તારીખોની જાહેરાત પછી તરત જ ચૂંટણી આચારસંહિતા અમલમાં આવશે અને તેના કારણે સરકાર કોઈ નવી નીતિ કે નિર્ણય જાહેર કરી શકશે નહીં.

૨૦૧૯માં લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી. તે વખતે ચૂંટણી પંચે ૧૦ માર્ચે તારીખોની જાહેરાત કરી હતી. પ્રથમ તબક્કાનું મતદાન ૧૧ એપ્રિલે અને છેલ્લા તબક્કાનું મતદાન ૧૯ મેના રોજ થયું હતું. પરિણામ ૨૩ મેના રોજ આવ્યું હતું. ૨૦૧૯ની ચૂંટણી સમયે દેશમાં ૯૧ કરોડથી વધુ મતદારો હતા, જેમાંથી ૬૭ ટકા લોકોએ મતદાન કર્યું હતું.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૦૧૪ની સરખામણીમાં મોટી જીત હાંસલ કરી હતી. ૨૦૧૪માં ભાજપે ૨૮૨ બેઠકો જીતી હતી જ્યારે ૨૦૧૯માં ૩૦૩ બેઠકો મેળવી હતી. જ્યારે ગઉએને ૩૫૩ બેઠકો મળી હતી. ભાજપને ૩૭.૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા, જ્યારે ગઉએને ૪૫ ટકા વોટ મળ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૫૨ બેઠકો જીતી શકી હતી.

ઉલ્લેખનીય છે કે ૫૪૩ સભ્યોની લોકસભામાં ભાજપ બહુમતી ૨૭૨ના આંકડાથી ખૂબ આગળ હતું. આ જીત સાથે પાર્ટીએ સતત બીજી વખત સરકાર બનાવી હતી. આ સિવાય દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ને ૨૪ બેઠકો મળી હતી. YSRCP અને TMC 22-22 બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા.

## લોકસભાની સાથે ગુજરાતમાં છ વિધાનસભાની બેઠકો પર યોજાશે પેટાચૂંટણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આવતીકાલે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી સહિતની તમામ વિગતો જાહેર કરાશે. ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર ચૂંટણી થશે. આ સાથે રાજ્યની ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો પર પેટા-ચૂંટણી યોજાશે. જેને લઈને ચૂંટણી પંચ શનિવારે ગુજરાત વિધાનસભા પેટા-ચૂંટણીની તારીખોનું પણ એલાન કરશે.



કોંગ્રેસના ૪ , આપના ૧ અને ૧ અપક્ષના નેતાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું અને આ નેતાઓએ ભાજપમાં પ્રવેશ કર્યો છે. છ ધારાસભ્યોએ રાજીનામું આપી દેતા તેમની બેઠક ખાલી પડી છે અને આવનારી લોકસભા ચૂંટણીમાં આ છ બેઠક પરથી પેટાચૂંટણી થશે. ખંભાત, વિજાપુર, વિસાવદર, વાઘોડિયા, પોરબંદર અને માણાવદરમાં પેટાચૂંટણી યોજાશે. આ જોતાં ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની પસંદગીને લઇને કવાયત તેજ કરી છે.


ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના ૧૫૬, કોંગ્રેસ ૧૩, આમ આદમી પાર્ટી ૪, અપક્ષ ૨ અને સપાના ૧ ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટા-ચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે. રાજ્યમાં લોકસભાની સાથે વિધાનસભા પેટાચૂંટણી યોજાશે તો પરિણામો રસાકસીવાળા બની રહેશે.

હવે આ છ બેઠકો પર કોણ ઉમેદવાર હશે તે અંગે અટકળો જામી છે પણ મોટાભાગે પક્ષપલટુઓને ભાજપ પેટાચૂંટણીમાં મેદાને ઉતારી શકે છે. આ છ વિધાનસભા મત વિસ્તારમાં બે ઈવીએમ હશે. આ બેઠકો પર મતદારો લોકસભા ઉપરાંત વિધાનસભાના ઉમેદવાર એમ બે ઉમેદવારને મત આપશે. લોકસભાના ઉમેદવારોની બીજી યાદી જાહેર થયાં બાદ આ બેઠકોના ઉમેદવારોની જાહેર કરાય તેવી સંભાવના છે.

## કર્ણાટક ભાજપના કૌભાંડી પુર્વ સીએમ યેદીયુરપ્પાએ સગીરા સાથે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ...!

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી પહેલા કર્ણાટકના ભાજપના નેતા અને પુર્વ મુખ્યમંત્રી બી.એસ.યેદીયુરપ્પા યૌન શોષણના કેસમાં સપડાયા છે. તેમના વિરૂદ્ધ સગીરાના યૌન શોષણનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. નપોક્સોથ કાયદા હેઠળ આ ગુનો દાખલ થતા તેઓ સંકટમાં ફસાયા છે.




રાજ્યના પુર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા સામેની ફરિયાદમાં એમ કહેવામાં આવ્યું છે કે ગત બીજી ફેબ્રુઆરીએ છેતરપીંડીના એક કેસમાં મદદ માંગવા માટે માતા-પુત્રી ભાજપ નેતા પાસે ગયા હતા ત્યારે યેદીયુરપ્પા સગીરાને પોતાના રૂમમાં ખેંચી ગયા હતા અને યૌન શોષણ આચર્યુ હતું.

આ વખતે સગીરા ગમે તેમ કરીને ભાજપના નેતાના હાથમાંથી છટકીને રૂમની બહાર દોડી ગઈ હતી ત્યારે તેની માતાને મારઝુડ કરવામાં આવી હતી. સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસ દ્વારા ભાજપ નેતા વિરૂદ્ધ પોકસો તથા આઈપીસીની કલમ ૩૫૪(એ) હેઠળ એફઆઈ દાખલ કરવામાં આવી છે.

પીડીતાએ એફઆઈઆરમાં એવુ નિવેદન આપ્યુ છે કે યૌન ઉત્પીડનની જ અન્ય એક ઘટના મામલે માતા સાથે યેદીયુરપ્પા પાસે મદદ માંગવા ગઈ હતી ત્યારે આ ઘટના બની હતી. આ મામલે યેદીયુરપ્પા કે તેમના પરિવાર તરફથી કોઈ બચાવ કે નિવેદન કરવામાં આવ્યુ નથી.

બી.એસ.યેદીયુરપ્પા ૨૦૦૮થી ૨૦૧૧ તથા ૨૦૧૮ અને ૨૦૧૯થી ૨૦૨૧ દરમ્યાન કર્ણાટકમાં મુખ્યમંત્રીપદે રહી ચુક્યા છે. ૨૦૨૧માં રાજીનામુ આપ્યુ હતું તે વખતે તેઓ સ્ટેજ પર જ ભાંગી પડ્યા હતા.

## લોકસભા ચૂંટણીમાં મોંઘવારીના મુદ્દે મતદારોની નારાજગી રોકવા પેટ્રોલ-ડીઝલના ભાવમાં રૂ.૨નો ઘટાડો કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં મોંઘવારીના મુદ્દે મતદારો ભાજપથી નારાજ ન થાય તે માટે પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આજ સવારે ૬ વાગ્યાથી નવી કિંમતો લાગુ થઈ ગઈ છે. અગાઉ ૨૨ માસ પહેલા ૨૧ મે, ૨૦૨૨ના રોજ કિંમતો ઘટાડવામાં આવી હતી.કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ પુરીએ ગઈકાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર આ માહિતી આપી હતી. તેમણે લખ્યું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨ રૂપિયાનો ઘટાડો કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કરોડો ભારતીયોના પરિવારોનું કલ્યાણ અને સુવિધા જ તેમનું લક્ષ્ય છે.



કેન્દ્ર સરકારની જાહેરાતના થોડા કલાકો પહેલા જ રાજસ્થાન સરકારે તેના રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં ૨ ટકાનો ઘટાડો કર્યો હતો. રાજસ્થાનને આનો બેવડો ફાયદો થશે અને રાજ્યના દરેક જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ ઓછામાં ઓછા ૩.૫ રૂપિયા સસ્તું થશે. હવે રાજસ્થાનમાં ૩૧.૦૪ ટકાને બદલે ૨૯.૦૪ ટકા વેટ લાગશે.રાજસ્થાનના સીએમ ભજનલાલ શર્માની કેબિનેટની બીજી બેઠકમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે વેટમાં ૨ ટકાનો ઘટાડો કર્યો છે.

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ પણ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. તેનાથી રાજસ્થાનને બેવડો ફાયદો થશે અને રાજસ્થાનના દરેક જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ પર ઓછામાં ઓછો ૩.૫ રૂપિયાનો ઘટાડો ચોક્કસપણે થશે. હવે રાજસ્થાનમાં વેટ ૩૧.૦૪ ટકાને બદલે ૨૯.૦૪ ટકા થશે.

આ પહેલા ૨૦૨૨માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ૨૧ મે, ૨૦૨૨ના રોજ, નાણા પ્રધાન નિર્મલા સીતારમણે પેટ્રોલ પરની એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૮ રૂપિયા અને ડીઝલ પર ૬ રૂપિયા પ્રતિ લિટર ઘટાડવાની જાહેરાત કરી હતી. નવી કિંમતો ૨૨ મેથી લાગુ થઈ છે. જો કે, હવે જે ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ઘટાડો કરવામાં આવ્યો છે. આ કંપનીઓ દરરોજ સવારે ૬ વાગ્યે ભાવમાં ફેરફાર કરે છે.

જૂન ૨૦૧૦ સુધી સરકાર પેટ્રોલની કિંમત નક્કી કરતી હતી અને દર ૧૫ દિવસે બદલાતી હતી. ૨૬ જૂન, ૨૦૧૦ પછી સરકારે પેટ્રોલના ભાવ નક્કી કરવાનું કામ ઓઈલ કંપનીઓ પર છોડી દીધું. એ જ રીતે ઓક્ટોબર ૨૦૧૪ સુધી ડીઝલની કિંમત પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હતી. ૧૯ ઓક્ટોબર ૨૦૧૪થી સરકારે આ કામ પણ ઓઈલ કંપનીઓને સોંપી દીધું હતું.હાલમાં, ઓઈલ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડઓઈલની કિંમત, એક્સચેન્જ રેટ, ટેક્સ, પેટ્રોલ અને ડીઝલના પરિવહન ખર્ચ અને અન્ય ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને પેટ્રોલ અને ડીઝલની કિંમત દરરોજ નક્કી કરે છે.

# ચૂંટણી બોન્ડ અને કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી વચ્ચે કનેકશનનો પર્દાફાશ !

## ચૂંટણી બોન્ડ ખરીદનારા ટોચના પાંચમાંથી ત્રણ દાતાઓ પર ED, CBI અને ઈન્કમટેકસે દરોડા પાડયા હોવાનું ખુલ્યુંઃ લોટરી કિંગ સેન્ટીયાગો માર્ટીનની કંપની ફ્યુચર ગેઈમીંગ એન્ડ હોટલ સર્વિસે રૂ.૧૩૬૮ કરોડના બોન્ડ ખરીદયાનું બહાર આવ્યું

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ચૂંટણી બોન્ડની માહિતી ગઇકાલે ચૂંટણી પંચ દ્વારા વેબસાઇટમાં મૂકી છે.આ માહિતી મુજબ સૌથી વધુ ચૂંટણી બોન્ડ ખરીદનાર કંપનીઓમાં દેશના કોઇ મોટા ઉદ્યોગગૃહ કે કોર્પોરેટ હાઉસ નહીં પરંતુ ફ્યુચર ગેઇમીંગ એન્ડ હોટલ સર્વિસે રૂ.૧૩૬૮ કરોડના બોન્ડ ખરીદયાનું ખુલ્યુ છે. જોકે સ્ટેટ બેંકે ચોકકસ બોન્ડ ક્યા ચોકકસ રાજકીય પક્ષના ખાતામાં ગયા છે. તેની નલીંકથ આપી નથી અને તેથી કોણે કોને ભંડોળ આપ્યું તે હજુ સ્પષ્ટ ચિત્ર બન્યું નથી પરંતુ જે રીતે ભારતીય જનતા પક્ષને આ ચૂંટણી બોન્ડનો સૌથી હિસ્સો મળ્યો છે તેથી આ કનેકશન દર્શાવાઇ રહ્યું છે અને તે મુદ્દે સુપ્રિમ કોર્ટમાં નવો જંગ શરૂ થાય તેવી સંભાવનાઓ ઉભી થવા પામી છે.




ગઇકાલે રાત્રે ચૂંટણી પંચ દ્વારા તેની વેબસાઇટ પર બોન્ડની માહિતી જાહેર થતા જ બહાર આવ્યું કે કુલ ૨૩ કંપનીઓએ આ ચૂંટણી બોન્ડ ખરીદયા હતા અને રાજકીય પક્ષોને આપ્યા હતા જેમાં કુલ ચૂંટણી બોન્ડના ખરીદીના અર્ધાથી વધુ પણ કોઇમ્બતુર સ્થિત લોટરી સેવા આપતી કંપની ફ્યુચર ગેઇમીંગ એન્ડ હોટલ સર્વિસીસ પ્રા.લી. પ્રથમ ક્રમે છે આ કંપનીને ૧૩૬૮ કરોડના ચૂંટણી બોન્ડ અલગ અલગ સમયે ખરીદયા હતા.

આમ રૂ. ૧૦૦૦ કરોડથી વધુનું દાન આપનાર એ એક માત્ર કંપની છે. જેની સ્થાપના ૧૯૯૧માં ભારતના તે સમયના લોટરી કિંગ તરીકે ઓળખાતા સેન્ટીયાગો માર્ટીન છે. તામિલનાડુમાં લોટરી પર પ્રતિબંધ મુકાતા પોતાનો બિઝનેસ કર્ણાટક અને કેરળમાં ખસેડી લીધો હતો અને લોટરીનો માસ્ટર ડિસ્ટ્રીબ્યુટર મનાય છે. તે રાજ્યોમાં ૧૦૦૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. અરૂણાચલ પ્રદેશ, આસામ, ગોવા, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણીપુર, મેઘાલય, મીઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, સિકકીમ અને પ.બંગાળમાં તે ડીએલ લોટરીના એક માત્ર ડિસ્ટ્રીબ્યુટર છે.

જોકે તે અનેક કાનુની વિવાદમાં પણ છે એન્ફોર્સમેન્ટ ડાયરેકટરે ૨૦૧૪થી ૨૦૧૭ દરમ્યાન તેના પર દરોડા પાડયા હતા અને ૪૦૦ કરોડની ગેરકાનુની સંપતિ હોવાનો દાવો થયો હતો. ૨૦૨૪માં પણ ઇડીએ તામિલનાડુના ગેરકાનુની રેટ ખનનમાં લોટરી કિંગના જમાઇ આધારઅર્જુનના નિવાસની તપાસ કરી હતી અને તેની સામે સીબીઆઇનો કેસ પણ છે.

આમ હવે તેનું ચૂંનાવી બોન્ડ રસપ્રદ બન્યું છે. અન્ય જે દાતાઓ છે તેના મેઘા એન્જીનીયરીંગએ રૂા.૯૬૬ કરોડની જંગી રકમના બોન્ડ ખરીદને વેચ્યા હતા. તો ડીએલએફ, વેદાંતા, જિંદાલ, બીરલા તેમજ ડો.રેડડી જેવી કંપનીઓએ પણ રાજકીય પક્ષોને દાન આપ્યું હોવાનું બહાર આવ્યું છે.

૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે જે પાંચ મુખ્ય ડોનર બહાર આવ્યા છે તેમાંથી ત્રણ સામે ઇડીની તપાસ ચાલુ છે. ફ્યુચર ગેઇમીંગ ઉપરાંત મેઘા એન્જીનીયરીંગ અને વેદાંતાનો સમાવેશ થાય છે. ફ્યુચર ગેઇમીંગની પ્રોપર્ટી એટેચ્ડ થયા બાદ પાંચ જ દિવસમાં કંપનીએ રૂા. ૧૦૦ કરોડના બોન્ડ ખરીદયા હતા જે પણ રસપ્રદ બાબત છે અને બાદમાં તેમની સામેની તપાસ અંગેની માહિતી પણ જાહેર કરાઇ છે.

માર્ટીના લોટરી એજન્સી કે જે હવે ફ્યુચર ગેઇમીંગ નામ ધારણ કર્યુ છે તેને પણ લોટરી ધારાનો ભંગ કર્યાના કેસનો સામનો કર્યો છે અને રૂા.૯૧૦ કરોડનો ખોટો લાભ મેળવ્યો હોવાનું બહાર આવ્યું છે અને ૨૦૨૦થી કંપની નિયમિત રીતે બોન્ડ ખરીદીને રાજકીય પક્ષોને આપે છે.

બીજા સૌથી મોટા ડોનર હૈદ્રાબાદ સ્થિત મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ એ ૨૦૧૯થી ૨૦૨૪ દરમ્યાન રૂા. ૧૦૦૦ કરોડના બોન્ડ ખરીદયા હતા. આ કંપની તેલંગણાના અનેક પ્રોજેકટમાં લાભાર્થી છે. ૨૦૧૯માં ઇન્કમટેકસ વિભાગે આ કંપની પર દરોડા પાડયા હતા અને ત્યારબાદ ઇડીની તપાસ પણ આવી હતી અને રસપ્રદ રીતે તે જ વર્ષમાં કંપનીએ રૂા. ૫૦ હજારના બોન્ડ ખરીદયા હતા.

આ જ રીતે અનિલ અગ્રવાલની વેદાંતાએ પાંચમા નંબરની સૌથી મોટી ડોનર છે અને ૨૦૧૮માં ઇડીએ તેમની સામે વિઝા માટે લાન્ચનો કેસ કર્યો હતો અને તેમાં ચાઇનીઝ નિષ્ણાંતોને ભારતમાં લાવવા માટે વિઝા કૌભાંડ સજર્યુ હતું. આ ઉપરાંત ઇડી અને સીબીઆઇએ મની લોન્ડરીંગ સહિતના કેસ ૨૦૧૯માં કર્યા હતા. ત્યારબાદ કંપનીએ રૂા.૩૯ કરોડના બોન્ડ ખરીદયા કંપનીએ કુલ ૩૭૬ કરોડના બોન્ડથી રાજકીય પક્ષોને ભંડોળ આપ્યું છે.

જિંદાલ સ્ટીલ એન્ડ પાવર પણ ટોપ-૧૫ ડોનરમાં સ્થાન ધરાવે છે અને તેણે રૂા. ૧૨૩ કરોડનું ભંડોળ આપ્યું છે. આ કંપની સામે પણ કેન્દ્રીય એજન્સીઓએ કોલ બ્લોક ફાળવણી કૌભાંડનો કેસ કર્યો હતો અને તેના પર એપ્રિલ-૨૦૨૨માં દરોડા પડયા હતા. આ સમય દરમ્યાન કંપનીએ બોન્ડ ખરીદીને રાજકીય ભંડોળમાં આપ્યા હતા. વધુ એક ઉદાહરણમાં રીત્વીક પ્રોજેકટ પ્રા.લી. ૪૫ કરોડના બોન્ડ રાજકીય પક્ષોને આપ્યા છે.

આ કંપની સી.એમ.રમેશ નામના ટીડીપીના નેતાની છે. ૨૦૧૮માં તેમના પર દરોડા પડયા અને બાદમાં તેઓ ભાજપમાં જોડાઇ ગયા. કંપની પર ૧૦૦ કરોડના કૌભાંડનો આરોપ છે. દિલ્હીના લીકર કેસમાં ફસાયેલી અરબીન્ડો ફાર્માએ રૂા. ૪૯ કરોડ આપ્યા છે. આ કંપની પર ઇડીએ નવેમ્બર-૨૦૨૨માં કાર્યવાહી કરી તેના ડિરેકટર પી.સનથ રેડ્ડીની ધરપકડ કરી હતી. આ કંપનીએ ૨૦૨૨-૨૩માં રૂ. ૨.૫ કરોડનું દાન આપ્યું હતું.

## ચૂંટણી બોન્ડ SBIની ફરી ઝાટકણી કાઢતી સુપ્રીમઃ પૂછ્યું – ચૂંટણી બોન્ડના નંબર કેમ જાહેર ન કર્યા ?

સુપ્રીમ કોર્ટમાં આજે ચૂંટણી બોન્ડ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અરજીની સુનાવણી દરમ્યાન બેન્ચે SBIને પૂછ્યું હતું કે તેણે ચૂંટણી બોન્ડના નંબરો કેમ જાહેર કર્યા નથી, જેનાથી દાન દેનાર દાતા અને રાજકીય પક્ષો વચ્ચેની લિંકને જાહેર થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે આ મામલે SBIની ઝાટકણી કાઢીને ૧૮ માર્ચ સુધીમાં જવાબ માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સબમિટ કરેલા ચૂંટણી બોન્ડ પરના સીલબંધ પરબિડીયાઓને પરત કરવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.

ચૂંટણી બોન્ડ કેસમાં સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે SBIને બોન્ડની વિગતો ૧૨ માર્ચે ચૂંટણી પંચને જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આદેશ આપતા કહ્યું હતું કે ECI દ્વારા કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા નિવેદનોની નકલો ચૂંટણી પંચની ઓફિસમાં રાખવામાં આવે.સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે ૧૫મી ફેબ્રુઆરીએ કેન્દ્રની ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવીને તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. કોર્ટે ચૂંટણી બોન્ડની સ્કીમની એકમાત્ર નાણાકીય સંસ્થા જઇઈ બેંકને ૧૨ એપ્રિલ, ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૬ માર્ચ સુધીમાં ચૂંટણી બોન્ડની ખરીદી વિશે સંપૂર્ણ માહિતી આપવાનો આદેશ આપ્યો હતો.

# મોરબીનાં ઉટબેટ (શામપર)માં ખોરાકના અભાવે ઊંટોના મોત થતા હોવાનો આક્ષેપઃ સહાય આપવા કરી માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

ઉટબેટ (શામપર) ખાતે એક પશુપાલકોનાં ઊંટોનું ખોરાક ન મળવાના કારણે મોત થયું છે. જેને કારણે ઊંટ સાથે સંકળાયેલા ગરીબ પરીવારો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. જેને લઇ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મોરબી જિલ્લાના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયા દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી પશુપાલકોને વળતર આપવા માંગ કરી છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મોરબી જિલ્લાના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયા દ્વારા મુખ્યમંત્રીને લખાયેલ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, મોરબી તાલુકાના ઉંટબેટ (શામપર) મુકામે જત સમાજના પશુપાલકો દ્વારા ઊંટ ઉછેરનો વ્યવસાય કરવામાં આવે છે. જે માટે તેઓ ઋઇઉં ૧/૦૩/૦૨૪/૩૦૦૫ થી લાયસન્સ ધરાવે છે. જત સમાજ દ્વારા મુખ્યત્વે ખારાઈ ઊંટનું પાલન કરવામાં આવે છે. ખારાઈ ઊંટનો મુખ્ય ખોરાક દરિયામાં ઉગતી વનસ્પતિ ચેર હોય છે. પરંતુ જયા આ વનસ્પતિ ઉગે છે. તે વિભાગમાં ફોરેસ્ટ વિભાગે આડસ ઉભી કરેલ હોય, તેથી ઊંટોને તેનો ખોરાક મળતો નથી. જે તે સમયે સરકારે આ જગ્યાએ તેમના ઊંટોને ખોરાક માટે લઈ જવાની પરવાનગી આપેલ હતી. આમ, છતાં ખોરાક ન મળવાના અભાવે આ વર્ષે નાના-મોટા કુલ ૭૦ (સિંતેર) ઊંટોનું મરણ થયું છે. જેથી ગરીબીની રેખા નીચે જીવતા અને મુખ્યત્વે ઊંટ સાથે સંકળાયેલા આ ગરીબ પરીવારો આર્થિક સંકટનો સામનો કરી રહયા છે. તો આ પરિવારને આર્થિક સંકટમાંથી ઉગારી શકાય તે માટે યોગ્ય આર્થિક વળતર આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મોરબી જિલ્લાના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયા દ્વારા મુખ્યમંત્રીને લખાયેલ પત્રમાં માંગ કરવામાં આવી છે.

# રાજુલા સહિત અનેક રાજ્યોમાં ૫૦ થી વધુ ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં સંડોવાયેલી ગેંગને રૂા.૧૪.૯૫ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડતી એલસીબી ટીમ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા સ્વામિનારાયણ નગર છતડીયા રોડ નજીક રહેતા નરેન્દ્રસિંહ બહાદુરસિંહ પરમાર, ઉ.વ.૪૦ ગત તા.૦૨/૦૩/૨૦૨૪ના રોજ પોતાના પરીવાર સાથે ધારી મુકામે પોતાનું રહેણાંક મકાન બંધ કરી ગયેલ હોય,તે દરમિયાન રાત્રીના અજાણ્યા ચોર ઇસમોએ રહેણાંક મકાનમા પ્રવેશ કરી રૂમનું તાળુ તોડી કબાટમાં રાખેલ રોકડા રૂ ૮,૦૦૦ તેમજ સોના ચાંદીના દાગીના કુલ કિં.રૂ.૩,૫૭,૦૦૦ મળી કુલ કિં.રૂ.૩,૬૫,૦૦૦ ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય,જે અંગે નરેન્દ્રસિંહએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા રાજુલા પો સ્ટેમા ગુનો દાખલ થયેલ તેમજ ભાવનગર જિલ્લાના મહુવા પો.સ્ટે.માં બીજા જ દિવસે સરખા એમ.ઓ.થી ઘરફોડ ચોરી થયેલ હોય,જે ચોરીમા સોનાના દાગીના આશરે ૨૦ તોલાથી



વધુની ચોરી થયેલ હોય જે અંગે મહુવા પો.સ્ટેમા ગુનો રજી થયેલ ભાવનગર રેન્જ આઇ.જી.ગૌતમ પરમારનાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહનાઓએ જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપવામાં આવેલ.જે અન્વયે અમરેલી એલ.સી.બી.પોલીસ ઇન્સ. એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ ટીમ દ્વારા ઉપરોકત ઘરફોડ ચોરીના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળની આજુબાજુના સી.સી.ટી.વી.ચેક કરવામાં આવેલ જેમાં રાજુલામાંથી મળી આવેલ સી.સી.ટી.વી.ફુટેજોમાં શંકાસ્પદ ઇસમો મળી આવેલ હોય આ ઇસમો મહુવા થયેલ ઘરફોડ ચોરીના સી.સી.ટી.વી. ફુટેજમાં પણ દેખાતા,જે શંકાસ્પદ ઇસમો એક જ હોવાનું જણાય આવતા, જે શંકમદ આરોપીઓની સઘન તપાસ દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે દાહોદ જિલ્લા ખાતે આરોપીઓની તપાસ દરમિયાન શકદાર ઇસમોને હસ્તગત કરી, સઘન પુછ પરછ કરતા ઉપરોકત ઘરફોડ ચોરી ચોરીની કબુલાત આપતા સંડોવાયેલ તમામ આરોપીઓને પકડી પાડી, ઉપરોકત ઘરફોડ ચોરીમાં ગયેલ સોનાના દાગીના પૈકીનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તેમજ પકડાયેલ આરોપી પેકેશ ઉર્ફે પકો ઉર્ફે પંકજ ઉર્ફે પ્રકાશ લાલાભાઇ ભાભોર,ઉ.વ.૨૬, રહે.માતવા, મકોડી ફળીયુ,તા.ગરબાડા જિ.દાહોદ.

(૨) નગરસિંહ ઉર્ફે નગરો ગુંડીયાભાઇ મીનામા, ઉ.વ.૨૨, રહે.માતવા,તળાવ ફળીયુ, તા.ગરબાડા,જિ.દાહોદ.

(૩) સંજય ઉર્ફે દાસ નરસીંગ મછાર,ઉ.વ.૨૨, રહે.જદાખેરીયા, ડુંગળી ફળીયુ, તા.લીમખેડા,જિ.દાહોદ.

(૪) દિલીપભાઇ મણીલાલ સોની, ઉ.વ.૫૭, રહે.દાહોદ,રોકડીયા સોસાયટી, મંડાવ રોડ, તા.જિ.દાહોદ સહિત ૪ શક્સો પાસેથી એલસીબી ટીમે કિં.રૂ.૧૪,૯૫,૬૫૬ નો મુદ્દામાલ કવર કરવામાં આવેલ અને આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.એમ.બી.ગોહિલ,તથા એ.એસ.આઇ.બહાદુરભાઇ વાળા,જીજ્ઞેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ તથા હેડ કોન્સ.મનીષભાઇ જાની, લીલેશભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી તથા પો.કોન્સ.ભાવિનગીરી ગૌસ્વામી, વિનુભાઇ બારૈયા,યુવરાજસિંહ વાળા,અશોકભાઇ સોલંકી, રમેશભાઇ સીસારા, હરેશભાઇ કુંવારદાસ દ્વારા કરવામાં આવેલ છે

# ડુંગર પોલીસે ખોટા કેન્દ્ર પર પહોંચેલી પરીક્ષાર્થીને સરકારી વાહનમાં તેના પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડી

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** આજરોજ ડુંગર પો.સ્ટેના પી.એસ.આઇ. કે.જી.મયા પોતાના સ્ટાફ સાથે તતભ બોર્ડ પરીક્ષા અન્વયે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન દેવકા ગામે દેવકા વિધ્યાપીઠ ખાતે એક પરીક્ષાર્થી દિકરી કે જેનુ પરીક્ષા કેન્દ્ર સરકારી માધ્યમીક શાળા દેવકા જુના ગામ ખાતે હોય અને તે ભુલથી દેવકા વિધ્યાપીઠ ખાતે આવેલ હોય જેથી સદરહુ પરીક્ષાર્થી દિકરીને તત્કાલીક સરકારી બોલેરો વાહનમાં બેસાડીને ફક્ત ત્રણ મીનીટમાં તેના પરીક્ષા કેન્દ્ર સરકારી માધ્યમીક શાળા દેવકા જુના ગામ ખાતે પંહોચાડી આપવામાં આવેલ હતી જેથી આ કામગીરી બદલ વિદ્યાર્થીનીના વાલીયે પોલીસની કામગીરીને બિરદાવી હતી.



# મોરબી માં શ્રી લીલા લીમડા વાળા મેલડી માતાજીનો ભવ્ય નવરંગ માંડવો યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રી લીલા લીમડા વાળા મેલડી માતાજી મિત્ર મંડળ દ્વારા મોરબી ના મોચી શેરી માં ખાખરેચી દરવાજા ચોકમાં શ્રી હટકેશ્વર મહાદેવ મંદિર સામે આવેલા આષ્થા શ્રદ્ધા ના પ્રતિકસમાં શ્રી લીલા લીમડા વાળા મેલડી માતાજી નો ભવ્ય નવરંગ માંડવો માતાજી ના મંદિર ના સાનિધ્યમાં તા ૧૫/૩ ને શુક્રવારે યોજાશે વહેલી સવારે થાંભલી રોપણ કરાશે જેમાં સવારે ૯ વાગે ધામધૂમથી વાજતે ગાજતે ભુવાના સામૈયા કરવામાં આવશે આ નવરંગ માંડવા માં ડાક ની રમઝટ રાત્રે ૯ વાગે યોજાશે જેમાં રાવળદેવ શ્રી હરેશભાઇ રાવળ પંચના ભૂવા શ્રી ધીરુભાઇ



ખોડાભાઈ ચૌહાણ(લીલા લીમડા વાળા મેલડી માતાજી મંદિર ના ભૂવા શ્રી) સહિત રમેશભાઈ મોહનભાઇ ડોડીયા, જયંતીભાઈ પૂંજાભાઈ રાજગોર, અરુણભાઈ રણમલભાઈ સોલંકી, દિલીપભાઈ રાવળ, અમૂલભાઈ અશોકભાઈ ચાવડા, જનકભાઈ મોહનભાઇ ચૌહાણ, ચમનભાઈ સોઢા, મહેશભાઈ ડોડીયા, જયંતીભાઈ મકવાણા, રવિભાઈ સોલંકી, સહિત ભૂવાશ્રી માતાજી ના ગરબા,છંદ,દુહા ની રમઝટ બોલાવશે.આ નવરંગ માંડવા ના સફળ આયોજન માં શ્રી લીલા લીમડા વાળા મેલડી માતાજી મિત્ર મંડળ ને માઇ ભક્તો સેવાભાવી યુવા ગ્રુપ મંદિર અને ચોક ને રોશની થી ઝળહળતી કરી રાત દિવસ ના ઉજાગરા કરી તન મન ધન થી જહેમત ઉઠાવી ને ખાખરેચી દરવાજા ચોક માં ચાર ચાંદ લગાવી દીધા હતા ભક્તો એ માતાજી ના માંડવાના દર્શન નો લાભ લેવા આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# જામનગર પોલીસની ટ્રાફિક શાખા દ્વારા ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરનારા વાહન ચાલકો સામે લાલ આંખ

## શહેરમાંથી આઠ બસ સહિત ૧૧ વાહન ડીટેઈન કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની ટ્રાફિક શાખા દ્વારા ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરનારા વાહન ચાલકો સામે લાલ આંખ કરી છે, અને સાત રસ્તા સહિતના વિસ્તારમાં ઝુંબેશ હાથ ધરીને ગેરકાયદે રીતે મુસાફરોની હેરાફેરી કરી રહેલા વાહનો પૈકી આઠ બસ અને ત્રણ ઇકો કારને ડિટેઇન કરી લેવામાં આવી છે, જેઓ પાસેથી દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જામનગર મા સુમેર કલબ , સાત રસ્તા વિસ્તાર મા મોટા ખાનગી વાહનો નાં પાર્કિંગ થી ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોવા થી એસ પી પ્રેમસૂખ ડેલુ ની સૂચના થી તેમજ શહેર ડી વાય એસ પી જયવીરસિંહ ઝાલા ના માર્ગદર્શન મુજબ ટ્રાફિક પી આઈ એમ. બી. ગજ્જર, પો સબ ઈન્સ.આર. એલ. કંડોરીયા અને આર.સી. જાડેજા તેમજ ટ્રાફિક સ્ટાફ સાથે રહી સાત રસ્તા વિસ્તાર માથી ટ્રાફિક ને અડચણરૂપ કુલ ૮ બસો તેમજ ૩ ઈકો વાહન ડીટેઈન કરવામાં આવ્યા હતા.



# જામનગર-ખંભાળિયા માર્ગ પર રૂા.૨.૯૮ કરોડના ખર્ચે સિવિક સેન્ટર બનશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-ખંભાળિયા માર્ગ પર રૂ.૨.૯૮ કરોડના ખર્ચે સિવીક સેન્ટર બનાવવાના કામને મંજૂરી આપવામાં આવી છે. રૂ.૩૫ કરોડથી વધુના મંજૂર થયેલા ૬૩ માંથી ૨૯ સીસીરોડના કામનો સમાવેશ કરાયો છે. ટીપી સ્કીમ-૧ માં મળેલી જમીન મનપાને ફાળવવાની દરખાસ્ત જનરલ બોર્ડમાં મોકલવામાં આવી છે. જામ્યુકોની મળેલી સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં શરૂ સેકશન રોડ ૩૦ મીટર પહોળો ડીપીરોડ તથા સત્યસાંઇ શાળા તરફનો ૧૮ મીટર પહોળો ડીપી રોડમાં કપાત થતી જમીન સામે ટીપી સ્કીમ નં.૧ વિસ્તારમાં જામ્યુકોને



પ્રાપ્ત થફેલી ૧ અને ૩ ની જમીન ફાળવવાની દરખાસ્ત જનરલ બોર્ડમાં મોકલવામાં આવી હતી. ટીપી રસ્તાઓમાં મેટલ રોડ બનાવવા રૂ.૧૦૭.૯૩ લાખ મંજૂર કરાયા છે.વોર્ડ નં.૫ માં મંગલબાગ શેરી નં.૧ થી ૪, ઇન્દીરા માર્ગ પસાર થઇ આહીર વિધાર્થી ભવન થઇ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવ રૂ.૧૫૯.૧૫ લાખનું ખર્ચ મંજૂર કરાયું છે. વોર્ડ નં.૨ માં નંદનપાર્ક-૨ થી મેહુલપાર્ક ગેઇટ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવા રૂ.૫૬.૪૭ લાખ મંજૂર કરાયા છે. વોર્ડ નં. ૫, ૨, ૬, ૧, ૧૨, ૩, ૯, ૧૧, ૪, ૧૩, ૧૫, ૭, ૧૬ના જુદા-જુદા વિસ્તારોમાં સીસીરોડ અને બ્લોકના કામને બહાલી આપવામાં આવી છે. ખાસ કરીને વોર્ડ નં.૭ માં જામનગર-ખંભાળિયા માર્ગ પર મેહુલસિનેમેકસ આગળ રૂ.૨.૯૮ કરોડના ખર્ચે સીવીક સેન્ટર બનાવવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.બોક્સ-૧ તળાવની પાળે બે દુકાન લીઝ પર આપવાનો નિર્ણય, પાર્કના સ્ટાફના ખર્ચની રી-ટેન્ડર પ્રક્રિયા જામ્યુકોની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં ચેર પરથી તળાવની પાળે આવેલી ફુડ ઝોન શોપ નં.૭ અને ૮ ને પાંચ વર્ષ માટે ઓપરેટીંગ લીઝથી ભાડે આપવાનું મંજૂર કરાયું હતું. જયારે વોર્ડ નં.૧૦ માં રૂ.૧૮૭.૨૨ લાખના ખર્ચે સીસી રોડ બનાવવાના કામને બહાલી અપાઇ હતી. સરદાર વલ્લભભાઇ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક, જામ રણજીતસિંહ પાર્ક, રણમલ લેઇક, લાખોટા મ્યુઝીયમમાં સ્ટાફનો ખર્ચની રી-ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હયાત પાર્ટી પાસે મંજૂર થયેલા ભાવે કામગીરી કરાવવાનું મંજૂર કરાયું હતું. તળાવની પાળે બે દુકાન લીઝ

પર આપવાનો નિર્ણય, પાર્કના સ્ટાફના ખર્ચની રી-ટેન્ડર પ્રક્રિયા જામ્યુકોની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં ચેર પરથી તળાવની પાળે આવેલી ફુડ ઝોન શોપ નં.૭ અને ૮ ને પાંચ વર્ષ માટે ઓપરેટીંગ લીઝથી ભાડે આપવાનું મંજૂર કરાયું હતું. જયારે વોર્ડ નં.૧૦ માં રૂ.૧૮૭.૨૨ લાખના ખર્ચે સીસી રોડ બનાવવાના કામને બહાલી અપાઇ હતી. સરદાર વલ્લભભાઇ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક, જામ રણજીતસિંહ પાર્ક, રણમલ લેઇક, લાખોટા મ્યુઝીયમમાં સ્ટાફનો ખર્ચની રી-ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હયાત પાર્ટી પાસે મંજૂર થયેલા ભાવે કામગીરી કરાવવાનું મંજૂર કરાયું હતું.

# જામનગરમાં પરીક્ષાખંડમાંથી વિદ્યાર્થીનીને ૧૦૮ દ્વારા હોસ્પિટલ પહોંચાડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ધો.૧૦ ની પરીક્ષા દરમ્યાન એક વિદ્યાર્થિનીની તબીયત બગડતા તેણીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફ્ત સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

જામનગરની મહિલા કોલેજમાં એસએસસીના પરીક્ષા કેન્દ્રમાં ધો.૧૦ ની પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થિની અંજનાબેન આંબલીયા અચાનક બેશુદ્ધ થઈ જતાં અને તેણીને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગતા તરત જ એમ્બ્યુલન્સને કોલ







કરવામાં આવ્યો હતો. દોડી આવેલા ઈએમટી વિજય મહેતા તથા પાઈલોટ અનિરૂદ્ધસિસિંહે તેણીને ૧૦૮ મારફત સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડી હતી. જયાં હાલ તેણી સંપૂર્ણ સ્વસ્થ છે.

# જામનગર, કાલાવડ પંથકમાં ઝડપાઈ .૧૪ લાખની વીજચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી રીંગરોડ, ગોકુલનગર તેમજ કાલાવડ તાલુકાના ગામોમાં વીજ ચેકીંગ કરાયું હતું. જેમાં રૂા.૧૪ લાખ ૧૦ હજારની વીજચોરી ઝડપાઈ ગઈ છે.જામનગરની સ્થાનિક પીજીવીસીએલ દ્વારા કોર્પોરેટ ચેકીંગ ડ્રાઈવ અંતર્ગત શરૃ કરાયેલા વીજ ચેકીંગ દરમિયાન કાલાવડ તાલુકાના નાના તથા મોટા પાંચ દેવડા,



છતર સહિતના ગામોમાં અને જામનગર શહેરના બેડી રીંગરોડ, ગોકુલનગર, પાણાખાણ વગેરે વિસ્તારોમાં ચકાસણી કરી હતી.

વીજ અધિકારીઓના વડપણ હેઠળની ૧૬ ટૂકડીએ ૨૦૨ વીજજોડાણ ચકાસ્યા હતા. જેમાંથી ૨૫ વીજજોડાણમાં ગેરરીતિ મળતા રૂા.૧૪ લાખ ૧૦ હજારના બીલ આપવામાં આવ્યા છે.

# લાલપુર ગામે આંતરિક પાણી પુરવઠાના રૂ.3 કરોડના કામોનું મંત્રી મુળુ બેરાએ લોકાર્પણ કર્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર ગામે રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે ગુજરાત ર્રૂબન ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (ઓટેકા) અંતર્ગત આંતરિક પાણી પુરવઠા યોજનાના રૂ.૩કરોડ ૩લાખ રૂપિયાના કામોનું લોકર્પણ કરવામાં આવ્યું હતું. આ કામોમાં ૪.૭૦કિમી લંબાઈનું ડીઆઈ પાઇપલાઇન અને પીવીસીનું પાઇપલાઇન નેટવર્ક, ૧૫ લાખ લીટર ક્ષમતાનો આરસીસી સમ્પ, ૮લાખ લિટર ક્ષમતાની આરસીસી ઊંચી ટાંકી, ૧૨★૧૦ મીટર પમ્પ હાઉસ અને પમ્પિંગ મશીનરીના કામોનો સમાવેશ થાય છે.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, લાલપુર ગામમાં હવે ક્ષારમુક્ત નર્મદા નદીનું પાણી લોકોના ઘર સુધી પહોંચશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો સુવિધા શહેરની અને આત્મા ગામડાનો વિચાર લાલપુરમાં ખરા અર્થમાં સાર્થક થયો છે. અહીં ભૂગર્ભ ગટર, રોડ-રસ્તા, પરિવહન સહિતની તમામ સુવિધાઓ છે. અને હવે આંતરિક પાણી વિતરણની વ્યવસ્થા પણ સુચારું રૂપે ઉપલબ્ધ થશે. છેવાડાના ગામડાના માનવીને પણ પાયાની સુવિધાઓ મળી રહે તે દિશામાં સરકાર કાર્યરત છે. લાલપુરમાં પીવાના પાણીણી સુવિધાઓમાં વધારો થતાં મંત્રીએ તમામ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં પીએમ આવાસ યોજના અને આયુષ્માન કાર્ડના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. તેમજ સાંસદ ખેલ મહોત્સવમાં રસ્સાખેંચમાં સારું પ્રદર્શન કરનાર નારીશક્તિનું મંત્રીના હસ્તે સમ્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પૂર્વમંત્રી ચીમનભાઈ સાપરિયા, અગ્રણીઓ દિલીપભાઇ ભોજાણી, પ્રવિણસિંહ જાડેજા, અરશીભાઈ કરંગિયા, ચિરાગભાઈ કાલરીયા, સરપંચ જયેશભાઈ તેરૈયા, પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઇજનેર રંગુનવાલા સહિતના અધિકારીઓ, અગ્રણીઓ તેમજ ગ્રામજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત આર્થો. એસો.ના પ્રમુખપદે જામનગરના ડો.વિજય સાતાની સર્વાનુમતે વરણી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જાણિતા ઓર્થોપેડીક સર્જન ડો . વિજય સાતાની ગુજરાત ઓર્થો.એસો.ના પ્રમુખપદે સર્વાનુમતે વરણી જામનગર , ગુજરાત ઓર્થોપેડીક એસોશિએશનના પ્રમુખપદે સૌરાષ્ટ્રના જાણિતા અને જામનગરની જી.જી.હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગના વડા ડો.વિજય સાતાની સર્વાનુમતે વરણી થઇ છે . પ્રમુખ બનતાની સાથે જ ડો.સાતાએ વર્ષ દરમ્યાન થનારી સેવાકીય પ્રવૃત્તિનો ચિતાર પણ જાહેર કર્યો છે.ખાસ કરીને ઓર્થોપેડિક તબીબોના વિકાસ માટે ફેલોસીપ યોજનાની પણ તેમણે જાહેરાત કરી છે.ગુજરાત ઓર્થોપેડીક એસોશિએશનની એક બેઠક તાજેતરમાં ભાવનગર મુકામે યોજાઇ હતી . જેમાં નવા વર્ષના હોદેદારોની જાહેરત કરવામાં આવી હતી . સૌરાષ્ટ્ર - કચ્છના ઓર્થોપેડીક તબીબ આલમના શિરમોર સમાન ડો.વિજય રમેશચંદ્ર સાતાની સર્વાનુમતે વરણી થતાં ઉપસ્થિત તમામ સભ્યોએ તેમને વધાવી લીધા હતા . તેમની સેવાભાવ સાથેની કાર્યપધ્ધતિને લીધે તેમને આ પ્રતિષ્ઠિાભર્યા પદની જવાબદારી નિભાવવાની તક સાંપડી છે . આ પાછળ તેમની વર્ષોની સંનિષ્ઠ સેવાઓ , ઢગલાબંધ ઓપરેશનોની કુશળતા , લગભગ ૨૦૦ થી પણ વધારે ઓર્થોપેડિક સર્જનોને પોતાના હાથ નીચે કુશળ , નિપુણ , નિષ્ણાંત બનાવી







ગુજરાતમાં અલગ - અલગ ખૂણે જામનગરની પ્રતિષ્ઠિત એમ.પી.શાહ મેડીકલ કોલેજ અને ગુરૂ ગોવિંદસિંગ હોસ્પિટલની પ્રખ્યાતિ પહોંચાડવાનો લગભગ ૨૫ વર્ષનો આકરો પરિશ્રમ જવાબદાર છે.તેઓએ ન માત્ર જામનગરમાં ટ્રેનીંગ લેતા ઓર્થોપેડિક રેસીંડિન્ટ ડોકટર્સ માટે , પરંતુ સમગ્ર ગુજરાતના ટ્રેનીંગબધ્ધ ઓર્થોપેડિક રેસી.ડોકટર્સ માટે જામનગર અને રાજકોટ - ભૂજ જેવી જગ્યાએ પોસ્ટ ગ્રેજ્યુએટ ઓર્થોપેડીક કવીઝ , પોસ્ટ ગ્રેજ્યુએટ લેકચર કોર્ષ વગેરેનું સફળ આયોજન અવાર - નવાર કરેલાં છે , અને તેમના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી પદ હેઠળ જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજ ખાતે અતિ સફળ ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશન કોન્ફરન્સ -૨૦૧૭ સમગ્ર ગુજરાતના ઓર્થોપેડિક સર્જન માટેની કોન્ફરન્સનું ભવ્ય આયોજન પાર પાડયું હતું .પોતાના પ્રમુખ તરીકેના વકતવ્યમાં ડો.સાતાએ સમગ્ર વર્ષમાં કરવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપતા જણાવેલ કે ગુજરાત ઓર્થોપેડીક એસોશિએશનના બધા પાંચ ઝોનમાં આ વર્ષ દરમ્યાન સતત ઓર્થોપેડીક વિજ્ઞાનને આગળ વધારવા માટે એકેડેમીક કાર્યક્રમો કરવામાં આવશે . જે માટે ખાસ સમર્પિત વિવિધઝોનના ખાસ પસંદ કરેલ ૧૦ ઓર્થોપેડિક સર્જનની ટીમની પણ તેમણે ઘોષણા કરી હતી . આ ઉપરાંત હોસ્પિટલને લગતા અલગ - અલગ પ્રશ્નો અંગેના પણ ખાસ કાર્યક્રમો બધા ઝોનવાઇઝ કરવામાં આવશે . ઓર્થોપેડિક્સ વિષયમાં ગુજરાત અને ગુજરાત બહારના ઓર્થોપેડિક સર્જન દ્વારા જે શ્રેષ્ઠ ઓપરેશનો તથા નવા સંશોધનો કરવામાં આવતાં હોય તેમની માહિતી બધાજ ઓર્થો.સર્જન સુધી પહોંચાડવા માટે ખાસ ૧૦ આવૃતિ ઇ - જર્નલની પ્રકાશિત કરવામાં આવશે . પોસ્ટ ગ્રેજ્યુએટ કવીઝ અને લેકચર કોર્ષ તો થશે જ.આ વર્ષે ખાસ જુનિયર તથા મીડ - કેરીયરમાં પહોંચેલા ઓર્થો.સર્જન માટે ખાસ ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશન ફેલોશીપની શરૂઆત કરવામાં આવશે , કે જેથી ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશન દ્વારા પસંદ કરાયેલા સેન્ટર ઓફ એક્સેલેન્સ ખાતે આ નવું શીખવાની ધગશ ધરાવતા ઓર્થો સર્જનને ખાસ તાલીમ તથા અનુભવ મળી , રહે જેથી સમગ્ર ગુજરાતને આ જ્ઞાનનો બહોળો લાભ મળી શકે . આ ઉપરાંત પોતાની સામાજિક ઉતરદાયિત્વના ભાગરૂપે સમગ્ર ગુજરાતની વિવિધ શાળા - કોલેજો - વ્યાવસયિક સંગઠનો વગેરે માટે ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશન દ્વારા ખાસ હાડકાના આરોગ્ય માટેના ઢગલાબંધ કાર્યક્રમો ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશનના સક્રિય સભ્યો દ્વારા હાથ ધરવામાં આવશે . આ ઉપરાંત એકેડેમીક કાર્યની શુભ શરૂઆત રૂપે મહારાષ્ટ્ર ઓર્થોપેડીક એસોશિએશન દ્વારા મુંબઇ ખાતે યોજાનાર મહારાષ્ટ્ર ઓર્થોપેડિક એસોશિએશનની કોન્ફરન્સમાં સૌ પ્રથમ વખત ગુજરાત ઓર્થો.એસોશિએશનને ભાગીદાર રાજય તરીકે આમંત્રિત કરવામાં આવેલ છે . જેમાં પસંદ કરેલ ગુજરાત ઓર્થોપેડિક એસોશિએશનના મેમ્બર્સ પોતાનું શ્રેષ્ઠ કાર્ય મહારાષ્ટ્ર- મુંબઇના ઓર્થો . સર્જનને બતાવશે . આ માટે ખાસ બે કલાકના એક સેશનનું ડો.સાતા તથા સેક્રેટરી ડો.કેતન ઠક્કર દ્વારા આયોજન થઇ રહયું છે.વર્ષાંતે ડો.સાતાના માર્ગદર્શનમાં વડોદરા ઓર્થો.સોસાયટી દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે ગુજરાત ઓર્થોપેડીક એસોશિએશનની વર્ષ ૨૦૨૫ માં કોન્ફરન્સનનું પણ આયોજન કરવામાં આવશે , જયાં સમગ્ર વર્ષ દરમ્યાનની એકટીવીટીઝનો ભવ્ય સમાપન સમારોહ યોજાશે . સમગ્ર વર્ષ દરમ્યાન ડો.સાતાની પ્રેસીંડિન્ટ્યલ થીમ ઇનોવેટ , કોરોબોરેટ , ઇન્સ્પાયર , ટ્રાન્સપાયર પર સમગ્ર ગુજરાત ઓર્થો.એસોશિએશન ધબકતું રહે તે માટે સેક્રેટરી ડો.કેતન ઠક્કર , ઇમીડીયેટ પાસ્ટ પ્રેસીડિન્ટ ડો.રાવ , પ્રેસીડિન્ટ ઇલેકટ ડો.દિનેશ ઠક્કર , ટ્રેઝરર ડો.કમલેશ દેવમુરારી , વેબ માસ્ટર સહિતના તમામ એકઝીકયુટીવ કમિટિ મેમ્બર્સ , એકેડેમીક કમિટિ મેમ્બર્સ , ફેમીલી ઇવેન્ટ કમિટિ મેમ્બર્સ , ઇ- જર્નલ એડીટર્સની મજબૂત ટીમ તથા સમગ્ર ગુજરાત ઓર્થો.એસોશિએશનના મેમ્બર્સ ઉત્સાહથી કાર્યરત રહેશે .

# કિન્નરોએ આંતરિક લડાઈમાં પોલીસ સ્ટેશન સામે ગામ ગધેડો કર્યો !

## કિન્નરો નિર્વસ્ત્ર થઈ એ.ડિવિઝન પોલીસ સ્ટેશન પાસે રસ્તા પર બેસી જઈ ટ્રાફિક જામ કર્યોઃ ફિનાઈલ પીવાનું નાટક કરી પોલીસને દબાવવાનો પ્રયાસ કર્યો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ગંજીવાડા વિસ્તારમાં રહેતા કિન્નરે અન્ય કિન્નર અને રિક્ષા ચાલક શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અને પોતાના જીવનું જોખમ હોવાની ફરિયાદ કરવા પોલીસ કમિશનર કચેરીએ આવ્યા બાદ સામા પક્ષો મોટી સંખ્યામાં કિન્નરોનું ટોળું એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે દોડી આવી હોબાળો મચાવી રસ્તા પર ટ્રાફિક જામ કરી પોલીસ સ્ટેશનને બાનમાં લેવામાં આવતા ભારે ચકચાર મચી જવા પામ્યો છે.

સામાકાંઠે ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડામાં રહેતો નિકીતાદે મીરાદે (મહમદ હુશેન સીરાજભાઈ ચૌહાણ) નામના કિન્નરે શહેર પોલીસ કમિશનર કચેરીએ લેખીતમાં ફરિયાદ કરી છે કે, જામનગર રોડ પર પરાપીપળીયામાં રહેતો અને રીક્ષા ચલાવતો મક્સુદ તથા તેની સાથે રહેતો કિન્નર મીરાદે ઉર્ફે ફટાકડી અને ત્રણ અજાણ્યા કિન્નર સહિતના શખ્સો વિરુધ્ધ ફરિયાદ કરી છે કે, તેના ગુરુ અને આ રીક્ષા ચાલક વચ્ચે પ્રેમસંબંધ હોય જેથી આ કિન્નરને તેની સાથે ગેરકાયદેસર પ્રવૃતિ કરવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ સાથે રાવ કરી હતી. અને પોલીસ આ રિક્ષા ચાલક અને અન્ય કિન્નરો સામે કોઈ કાર્યવાહી કરે તે પહેલા જ સામેના પક્ષના કિન્નરો મોટી સંખ્યામાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન સામે ભેગા થઈ ગયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. કેટલાક કિન્નરો સાથે ફિનાઈલના બાટલા લઈ આવ્યા હોય અને આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને પોલીસે આ કિન્નરોને અટકાવતા રોડ પર સુઈ જઈ ટ્રાફિસ જામ કરી દેવામાં આવ્યો હતો પોલીસે આ પરિસ્થિતિને કાબૂમાં લેવા શહેર ભરની પોલીસને બોલાવવાની ફરજ પડી હતી.

## ગંજીવાડાના કિન્નરને તેના ગુરૂ અને અન્યોએ મારી નાખવાની ધમકી આપ્યાની રાવ

**મુખ્ય સમાચાર રાજકોટ**

સામાકાંઠે ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડામાં રહેતો નિકીતાદે મીરાદે (મહમદ હુશેન સીરાજભાઈ ચૌહાણ) નામના કિન્નરે શહેર પોલીસ કમિશનર કચેરીએ લેખીતમાં ફરિયાદ કરી છે કે, જામનગર રોડ પર પરાપીપળીયામાં રહેતો અને રીક્ષા ચલાવતો મક્સુદ તથા તેની સાથે રહેતો કિન્નર મીરાદે ઉર્ફે ફટાકડી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અને ત્રણ અજાણ્યા કિન્નર સહિતના શખ્સો વિરુધ્ધ ફરિયાદ કરી છે કે, તેના ગુરુ અને આ રીક્ષા ચાલક વચ્ચે પ્રેમસંબંધ હોય જેથી આ કિન્નરને તેની સાથે ગેરકાયદેસર પ્રવૃતિ કરવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ સાથે રાવ કરતા પોલીસે તેના આવેદનપત્રના આધારે તપાસ હાથ ધરી છે.

# બાંટવાના પાજોદ રોડ પર ત્રિપલ સ્વારી બાઈકને ઈકકો કારે ઠોકરે ચડાવતા ત્રણ યુવાનોના મોત

## ગામમાં એકી સાથે ત્રણ અર્થી ઉઠતા ગ્રામજનો હીબકે ચડયાઃ શોકનો માહોલ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના બાંટવા નજીક પાજોદ રોડ પર ગત મોડી રાત્રીના પુરપાટ ઝડપે જતી ઈકો કારે ત્રીપલ સવારી બાઈકને ઠોકરે ચડાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રોડ પર તરફડિયા મારતા ત્રણેય યુવકોને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાતા ત્રણેયના મોત નીપજ્યા હતા. આ ઘટનાથી બાટવામાં ઘેરા શોકનો માહોલ છવાયો છે.

આ અંગેની માહિતી મુજબ જૂનાગઢ જિલ્લાના બાંટવા નજીક રોડ પર મોડીરાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો જ હતો. રાત્રિના સમયે બાઈક લઈ ત્રણ મિત્ર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે બાંટવા નજીક અચાનક આવેલી ઈકો કારે બાઈકસવાર ત્રણેય મિત્રને અડફેટે લીધા હતા. ગંભીર અકસ્માત થયો હતો, એમાં ભગવાન નગાભાઈ મોરી (ઉં.૧૬), હરદાસ કાળાભાઈ ઓડેદરા ત્રણે મિત્રો બાઈક પર ઘર તરફ જતા હોય ત્યારે પાજોદ નજીક બની દુર્ઘટનાઃ કારચાલક અકસ્માત સર્જી



ફરારઃ બાંટવામાં શોકનો માહોલ છવાયો (ઉં. ૩૦), પરેશ પરબતભાઈ રામ (ઉં. ૨૫) નામના ત્રણેય મિત્રને ગંભીર ઈજા પહોંચતાં તેમનાં મોત થયાં છે. મૃતકોમાંથી બે બાંટવાના રહેવાસી છે, જ્યારે એક માણાવદરનો રહેવાસી છે.આ અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો તેમજ બાંટવા-પાજોદ રોડ મધરાતે લોહિયાળ થયો હતો. અકસ્માત થયાની જાણ થતાં આસપાસ વિસ્તારોના લોકો એકઠા થયા હતા. બાઈક સાથે અકસ્માત સર્જી ઈકો કારચાલક ફરાર થઈ ગયો હતો. બીજી તરફ, ઘાયલ થયેલા ત્રણેય મિત્રને પ્રથમ માણાવદર અને ત્યાર બાદ જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતાં ફરજ પરના ડોક્ટરોએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા.ત્રણેય મિત્રોનાં પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યાં હતાં. સિવિલ હોસ્પિટલમાં એકસાથે ત્રણેયના મૃતદેહને પડેલા જોઈ પરિવારમાં વલોપાતનું વાદળ ફાટ્યું છે. બાંટવા-પાજોદ રોડ પર થયેલા અકસ્માત મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજી તરફ, સમગ્ર બાંટવા પંથકમાં અને યુવકોનાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. ત્રણ મિત્રનાં અકાળે મોત થતાં વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# સિવિલ હોસ્પિટલમાં રૂપિયા લઈ બોગસ તબીબી સર્ટીફિકેટ કાઢી અપાતા હોવાનો આક્ષેપ

## મનપામાં મહિલા સફાઈ કર્મચારીને નિવૃતી માટે વચેટિયા શખ્સે બોગસ સર્ટી કાઢી આપી રૂ.૩ લાખ ખંખેરી લીધાની રાવઃસફાઈ કર્મચારીઓ આવેદનપત્ર આપવા પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં છાશવારે નીત નવા છબડાઓ થતા હોય જેના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલ અનેક વાર વીવાદનું કેન્દ્ર બની છે ત્યારે સિવિલ હોસ્પિટલમાં વચ્ચેટીયા શખ્સ દવારા ૧૦-૨૦ હજાર રૂપિયામાં બોગસ તબીબી સર્ટિફિકેટ કાઢવામાં આવતું હોવાનો આક્ષેપ સાથે મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ પોલીસ કમિશનર કચેરી ખાતે ફરિયાદ કરવા દોડી આવ્યા હતા.

જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતા અને મહાનગરપાલિકામાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા લાભુબેન ભીખાભાઈ પરમાર તથા અન્ય પરિવારજનો અને સફાઈ કર્મચારીઓ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે પોલીસ કમિશનરને લેખીતમાં આવેદનપત્રા પાઠવી આક્ષેપો સાથે ફરિયાદ કરી હતી કે પરસાણાનગરમાં રહેતો મનોજ ગોકુળ ટીમાણીયા અને રાજકોટ સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન વિરુધ્ધ ફરિયાદ સાથે આક્ષેપ ર્ક્યા છે કે, આ વચ્ચેટીયા મનોજ ટીમાણીયાએ લાભુબેનને ચાર વર્ષ પહેલા સ્વૈચ્છીક નીવૃતિ માટે રાજીનામું મહાનગરપાલિકામાં મંજૂર કરાવી આપવા કટકે કટકે રૂ.૩ લાખ ખંખેરી લીધા હોય અને આ રાજીનામામાં સિવિલ હોસ્પિટલનું તબીબી સર્ટિફિકેટ જરૂરી હોય જેથી આ વચ્ચેટીયા મનોજે ૧૦-૨૦ હજારની રકમ લઈ અલગ અલગ સમયે ત્રણ વખત સિવિલ હોસ્પિટલનું બોગસ તબીબી સર્ટિફિકેટ કઢાવી આપ્યું હતું અને આ સર્ટિફિકેટના આધારે પણ રાજીનામું મંજૂર ન થતા મનોજ પાસે લાભુબેને નાણા પરત માંગતા આ શખ્સે હાથ ઉંચા કરી દીધા હતા.આ ઘટના બાદ લાભુબેન પરમાર તેના પરિવારજનો અને અન્ય સફાઈ કર્મચારીઓ મોટી સંખ્યામાં પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી આ વચ્ચેટીયો મનોજ ટીમાણીયા અને સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

# સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી પડધરીના ખજુરડી ગામે બુટલેગરના ફાર્મ હાઉસમાં એસએમસી ત્રાટકી

## ડબ્બાની અંદર ધુળમાં દારૂ છુપાવ્યો'તોઃ ૫૦૯૮ બોટલ દારૂ, વાહન સહિત રૂા.૧૫.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ખજૂરડી ગામની સીમમાં બુટલેગરના ફાર્મ હાઉસમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. પોલીસે દરોડા દરમિયાન લોખંડના ડબ્બામાં ધૂળ સાથે છુપાવેલ દારૂની ૫૦૯૮ બોટલ ઝડપી લીધી હતી. પોલીસને જોઈ ત્રણ અજાણ્યા શખ્સ નાસી છૂટયા હતા. વોન્ટેડ આરોપી ચંપક ઉર્ફે ડીંગો વેકરિયા, પીક અપ વાહનનો ચાલક અને જથ્થો મોકલનાર વગેરે સામે પડધરી પોલીસમાં ગુનો નોંધાયો છે.

ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનિટરિંગ સેલના એડિશનલ ડીજી આર.બી.બ્રહ્મભટ્ટ, એસપી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરિયાના



માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે. ત્યારે પડધરીના ખજૂરડી ગામે વોન્ટેડ આરોપી ચંપક ઉર્ફે ડીંગો પોલાભાઈ વેકરિયાએ ફાર્મ હાઉસમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની બાતમીના આધારે પીએસઆઈ એ. વી. પટેલ સહિતની ટીમે વોન્ટેડ આરોપી ચંપક ઉર્ફે ડીંગો પોલાભાઈ વેકરિયાના ફાર્મ હાઉસમાં દરોડો પાડ્યો હતો. જયાંથી રૂ. ૧૩,૦૧,૨૮૫ની કિંમતની દારૂની ૫૦૯૮ બોટલો મળી આવી હતી. ઉપરાંત એક પીક અપ વાહન મળી રૂ. ૧૫,૫૧,૨૮૫નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને જોઈ ત્રણ શખ્સો નાસી છૂટ્યા હતા. વોન્ટેડ આરોપી ચંપક ઉર્ફે ડીંગો વેકરિયા, પીક અપ વાહનનો ચાલક અને જથ્થો મોકલનાર વગેરે સામે પડધરી પોલીસમાં ગુનો નોંધાયો છે. ફરિયાદના આધારે દરોડા દરમિયાન નાસી છૂટેલી ત્રિપુટી અને વોન્ટેડ સહિતના શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.ચંપક ઉપરાંત, જીજે ૦૨ વીવી ૩૨૯૬ નંબરના પીકઅપ વાહનનો માલિક, દારૂનો જથ્થો મોકલનાર અને સ્થળ પર થી નાસી ગયેલ ૩ અજાણ્યા શખ્સો સામે પડધરી પોલીસ મથકે ગુનો નોંધવા એસએમસીની ટીમે કાર્યવાહી કરી હતી.

# રાજકોટ સાયબર ક્રાઈમ એસીપી વિશાલ રબારી, એસીપી ભાર્ગવ પંડયા, ગ્રામ્યના એચ.એસ.રત્ને સહિત ૬૫ DySPઓની બદલી

## લોકસભાની ચૂંટણી પૂર્વે રાજ્ય સરકાર દ્વારા કરાયા બદલીના આદેશઃ ૮ તાલીમી આઈપીએસને પોસ્ટીંગ અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત પોલીસ વિભાગમાં મોટા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓની બદલી કરાઈ છે. એક સાથે રાજ્યના ૬૫ ડીવાયએસપીની બદલી કરાઈ છે તેમજ ૮ આઈપીએસ અધિકારીઓને પોસ્ટિંગ અપાયું છે અને ૫ આઈપીએસને પોસ્ટિંગ માટે વેઈટિંગમાં રાખવામાં આવ્યા છે.


રાજકોટ સાયબર ક્રાઈમ એસીપી વિશાલ રબારી ઉપરાંત એસીપી ભાર્ગવ પંડયા, સીઆઈડી ક્રાઈમના ડીવાયએસપી આર.એસ.પટેલ, રાજ્ય ગ્રામ્યના ડીવાયએસપી એચ.એસ.રત્ન, એસીબીના ડીવાયએસપી વી.કે.પંડયા, રેલવેના ડીવાયએસપી જે.કે.ઝાલા સહિત રાજ્યના ૬૫ ડીવાયએસપી (એસીપી)ની બદલી કરવામાં આવી છે. આગામી સમયમાં આઈપીએસ અધિકારીની બદલી માટેની ઘડીઓ



ગણાઈ રહી છે. જેમાં આઈજી કક્ષાના અધિકારીઓના એડિશનલ ડીજીના પ્રમોશન અને મોટાભાગના સિનિયર આઈપીએસ અધિકારીઓની બદલી તેમજ સુરત પોલીસ કમિશનરની જાહેરાત થવાની છે, તેમાં હવે છેલ્લી મહોર લાગવાની રાહ જોવાઈ રહી છે.

રાજકોટના સાયબર ક્રાઈમ એસપી વિશાલ રબારીને સુરેન્દ્રનગર લીંબડી ડીવાયએસપી તરીકે તેમજ એસીપી ભાર્ગવ પંડયાને વલસાડ ડીવાયએસપી તરીકે મૂકવામાં આવ્યા છે. તેમના સ્થાને એસીપી પશ્ચિમમાં વડોદરા મહિલા સેલના એસીપી રાધિકાબેન ભરાઈને મૂકવામાં આવ્યા છે. સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ, રાજકોટના ડીવાયએસપી આર.એસ.પટેલ નાયબ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર બદલી કરવામાં આવી છે તેમના સ્થાને સાવરકુંડલાથી એચ. બી. વોરાને મૂકવામાં આવ્યા છે. રેલવેના ડીવાયએસપી જે. કે. ઝાલાને એસીએસટી સેલ જુનાગઢ મૂક્યા છે તેમના સ્થાને સુરતથી આઈ. એન. પરમારને મૂકવામાં આવ્યા છે. સુરત એન્ટી ઈકોનોમીક ઓફેન્સ સેલના એસીપી વિરજીતસિહ કે. પરમારને એ.ટી.એસ.ના ડીવાયએસપી તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.


પુણ્યતિથિએ હૃદયાંજલિ



સ્વ. શ્રી રાજકુમાર કિપાલસિંહજી પરમાર

એમ.એ.,એલ.એલ.બી., એડવોકેટ, સ્વ.તા.૧૫/૩/૧૪

નિડરતા,નિષ્ઠા,પ્રમાણીકતા,ધૈર્યતાના પર્યાય સમા વ્યક્તિત્વને પૂણ્યતિથિએ હૃદયાંજલી

લી.

આપનો પુત્ર

રૂપરાજસિંહ આર. પરમાર (એડવોકેટ)

પૌત્ર પ્રેમરાજસિંહ હેતરાજસિંહ

તથા આપનો પરિવાર


# મોરબીના શીરપકાંડમાં રાજકોટના ટ્રાન્સપોર્ટર વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

## ટ્રાન્સપોર્ટ માલિક અને કર્મચારી વિરૂધ્ધ એનડીપીસી હેઠળ ગુનો નોંધી એકની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાતીપ્લોટ શેરી નંબર ૧ અને રની વચ્ચે આવેલ હરિકૃપા ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી ગઈકાલે મોડીસાંજે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે નશીલી કોડીન સિરપની ૧૦ હજાર બોટલ પકડી પાડી રાજકોટ રહેતા ટ્રાન્સપોર્ટર અને ટ્રાન્સપોર્ટ ઓફિસના કર્મચારી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી ૨૦.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ટ્રાન્સપોર્ટ ઓફિસના કર્મચારીને અટકાયતમાં લીધો છે.



જાણવા મળતી વિગતો મુજબ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે લાતીપ્લોટ શેરી નંબર ૧ અને રની વચ્ચે આવેલ હરિકૃપા ટ્રાન્સપોર્ટની ઓફિસમાં નશીલી કોડીન સિરપનો જથ્થો ઉતર્યો હોવાની બાતમીને આધારે દરોડો પાડતા ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી નશાકારક એબોટ કંપનીની ફેન્સીડીલ નામની કોડીન યુક્ત કફ સીરપનો ગેર કાયદેસર જથ્થો મળી આવતા કોડીન યુક્ત સીરપની બોટલો નંગ ૧૦ હજાર કિંમત રૂપિયા ૨૦,૫૪,૮૦૦ સાથે આરોપી ટ્રાન્સપોર્ટ કર્મચારી આશીફ આમદભાઈ રાઠોડ, રહે. મોરબી વાવડી રોડ, ભારતપાન વાળી શેરી મોરબીવાળને અટકાયતમાં લીધો હતો. વધુમાં નશાકારક કોડીન મામલે પોલીસે હરિકૃપા ટ્રાન્સપોર્ટના માલિક ગોપાલભાઈ પરભતભાઈ ભરવાડ રહે. રાજકોટ વાળાને ફરાર દર્શાવી નશાકારક સિરપની બોટલ કિંમત રૂપિયા ૨૦,૫૪,૮૦૦ તેમજ એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૨૦,૫૯,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સફળ કામગીરી સીટી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજા, પીએસઆઈ પી.આર.સોનારા, એ.એસ.આઈ. કિશોરભાઈ ગોવિંદભાઈ મકવાણા, જનકભાઈ છગનભાઈ મારવાણીયા, પો.હેડ કોન્સ. અરવિંદભાઈ માવજીભાઈ ઝાપડીયા, પો.કોન્સ. રમેશભાઈ લાલજીભાઈ કાનગડ તેમજ કિશનભાઈ ધીરૂભાઈ મોતાણી સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.